ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 74 ▪ અંક : 03 ▪ તારીખ : 05, મે, 2026 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## સમુદ્રી વેપાર માટે મજબૂત વીમા કવચ, રૂા. 12980 કરોડના 'ભારત મેરીટાઈમ ઈન્શ્યોરન્સ પૂલ' (BMI પૂલ)ને કેન્દ્રની મંજૂરી

નવી દિલ્હી : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે આજે સતત મેરીટાઈમ ઈન્શ્યોરન્સ કવરેજની સુવિધા માટે 12,980 કરોડ રૂપિયાની સોવરિન ગેરંટી સાથે સ્થાનિક વીમા પૂલ, એટલે કે 'ભારત મેરીટાઈમ ઈન્શ્યોરન્સ પૂલ' (BMI પૂલ) બનાવવાની દરખાસ્તને મંજૂરી આપી છે.




વિશ્વભરમાં ચાલી રહેલ યુદ્ધની સ્થિતિઓએ સમુદ્રી વેપારને મુશ્કેલીમાં નાખ્યો છે. વિદેશી વીમા કંપનીઓ આવા સંકટકાળમાં પાછી હટી જાય છે અથવા પ્રીમિયમનો ચાર્જ વધારી દેતી હોય છે, જેથી માલનું પરિવહન મોંઘું થઈ જાય છે. આ સમસ્યાનો મૂળથી નાશ કરવા માટે કેન્દ્ર સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે સમુદ્રની લહેરો વચ્ચે ભારતીય વેપારને વિદેશી વીમા પર નિર્ભર રહેવું પડશે નહીં. તાજેતરમાં સરકારે 12,980 કરોડ રૂપિયાની સોવરિન (સંપ્રભુ) ગેરંટી સાથે 'ભારત મેરીટાઈમ ઈન્શ્યોરન્સ પૂલ'ને મંજૂરી આપી છે. આ પગલું દેશની અર્થવ્યવસ્થાને મજબૂત કરશે અને આયાત-નિર્યાત વેપારીઓ માટે મજબૂત રક્ષણ કવચ બનશે.

**ભારત સરકારે સ્વદેશી વીમા કવચને મંજૂરી આપી :**

આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી વર્તમાન સ્થિતિએ સમુદ્રી વેપાર માર્ગોને અસુરક્ષિત

અનુસંધાન પાના નંબર : 2

### ગુજરાત ક્રેડિટ સોસા. ફેડરેશન દ્વારા દહેરાદુન મુકામે ટેકનોલોજી અપડેશન અને લીડરશીપ પ્રોગ્રામ યોજાયો

## ક્રેડિટ સોસાયટીઓએ સમયની માંગ પ્રમાણે આધુનિક બજાર વ્યવસ્થામાં અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ થવું પડશે : શ્રી ઘનશ્યામભાઈ અમીન

દહેરાદૂન : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદ દ્વારા તારીખ 15 થી 17 એપ્રિલ, 2026 દરમિયાન જીંજર હોટલ, દહેરાદુન(ઉત્તરાખંડ) મુકામે ટેકનોલોજી અપડેશન એન્ડ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું ઉદઘાટન કરતાં આવશે જેથી કંપનીમાં જે પ્રોફિટ થાય તે સભાસદોમાં વહેંચી શકે.

શ્રી અમીને વધુમાં જણાવ્યું કે, ક્રેડિટ સોસાયટીઓએ સમયની માંગ પ્રમાણે આધુનિક બજાર વ્યવસ્થામાં અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ થવું પડશે. તે માટે ઓનલાઈન-કોમ્પ્યુટર સેવાઓ અપનાવવાથી ક્રેડિટ સોસાયટીની કરવાની તાતી જરૂર છે.

વિષય નિષ્ણાંત તરીકે ઉપસ્થિત રહેલ નાબાર્ડના પૂર્વ ડીજીએમ શ્રી એસ.એન. સિન્હાએ ટેકનોલોજી અપગ્રેડેશન ઈન કો-ઓપ.ક્રેડિટ સોસાયટીઝ વિશે જણાવેલ કે ટેક્નોલોજી હોવી જરૂરી છે પણ સાથે સાથે તેને અપડેટ કરવી પણ જરૂરી છે. અત્યારે સીબીએસ એ કોમન સોફ્ટવેર છે





ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું કે, દેશમાં સહકારી પ્રવૃત્તિનો દિવસે દિવસે વિવિધ ક્ષેત્રોમાં વિકાસ થઈ રહ્યો છે. સહકારી ક્ષેત્રના વિકાસમાં સરકારશ્રી પણ કટિબદ્ધ છે. હાલમાં સરકારશ્રી દ્વારા સહકારી ક્ષેત્રે એક રાષ્ટ્ર કક્ષાની મલ્ટિ સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીની સ્થાપના કરી આ સોસાયટી દ્વારા ભારત ટેક્સી નામની ટેક્સી સર્વિસનું લોન્ચિંગ કરેલ છે જે દેશના જુદા જુદા રાજ્યોમાં પોતાની સેવાઓ આપશે. વિદેશી ટેક્સી કંપની ઓલા, ઉબેર, રેપિડો ટેક્સી સર્વિસની તુલનામાં ભારત ટેક્સી સસ્તી અને વ્યાજબી સેવાઓ આપશે. ઉપરાંત ભારત ટેક્સી સાથે જોડાનાર ડ્રાઈવરોને સભાસદ બનાવી તેમને શેર હોલ્ડર બનાવી કંપનીમાં ભાગીદાર બનાવવામાં

કાર્યક્ષમતામાં વધારો કરવો પડશે. તેનો લાભ સભાસદો સુધી પહોંચાડવો પડશે. સ્મોલ ફાઈનાન્સ કંપનીઓ દ્વારા ટૂંકાગાળામાં સારી એવી પ્રગતિ કરી છે. તેઓ સભાસદોને ઘરે બેઠાં સેવાઓ આપે છે. ડિપોઝિટ ઉપર આકર્ષક વ્યાજ આપે છે અને ધિરાણ પણ તેજ પ્રમાણે કરે છે. તો આવનાર ભવિષ્યમાં આપણે હરીફાઈમાં ટકવું હોય તો સભાસદોને તેમની ડિપોઝિટ ઉપર સારું વ્યાજ આપો અને નાના નાના ધિરાણો ઉપર વધારે ધ્યાન આપો, આ સિવાય ગોલ્ડ લોન જેવી સિક્યોર લોન વધુમાં વધુ આપવાનું રાખો. તેમણે મહારાષ્ટ્રની ક્રેડિટ સોસાયટીઓના ઉદાહરણ આપતા જણાવ્યું કે તેઓ ટૂંકાગાળા ખૂબ સારી પ્રગતિ કરી રહ્યા છે. તો તેમના જેવી કામગીરી આપણે કેમ ના કરી શકીએ. આમ સોસાયટીની નફાકારકતા કેમ વધે તે વિષે ગહન ચિંતન

પણ તેમાં પણ વિવિધતા લાવવી જોઈએ. તેમણે વધુમાં સાયબર સિક્યોરિટી અને ડિજિટલ અરેસ્ટ વિષે મહત્ત્વપૂર્ણ જાણકારી આપી હતી. આઈ. સી. એમ. દહેરાદૂનના ડાયરેક્ટરશ્રી ડો.રવિકુમાર શર્માએ લીડરશીપ મેનેજમેન્ટ ઈન કો-ઓપ.સોસાયટી પર્શનલ લીડરશીપ અને પોજીસન લીડરશિપ વિશે માહિતી આપી જણાવ્યું હતું કે, સહકારી અગ્રણી શ્રી ઘનશ્યામભાઈ અમીનના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો સરાહનીય વિકાસ થયો છે અને પ્રામાણિક, નિષ્ઠાવાન લીડરશીપ શું કરી શકે તે શ્રી અમીન પાસેથી શીખી શકાય. કારણ નિસ્વાર્થ અને સહકારી ભાવનાથી તેઓ અનેક સહકારી સંસ્થાઓમાં વર્ષોથી સેવા આપી રહ્યા છે. તેમના નેતૃત્વનો લાભ ગુજરાતને

અનુસંધાન પાના નંબર : 2

## ગ્રીન ઈન્ડસ્ટ્રી માટે બહુરાષ્ટ્રીય સહકારી સંસ્થાની રચના: ભૂટાનીએ ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી

### ઉચ્ચ સહકારી સંસ્થાઓ IFFCO, ક્રિભકો, અમૂલ, IPL, NDDB, NCELના એમડીઓ ઉપસ્થિત રહ્યા

નવી દિલ્હી : અટલ ઉર્જા ભવનમાં નવી બહુરાષ્ટ્રીય સહકારી સંસ્થાની સ્થાપના માટેની પ્રક્રિયાઓ પર ચર્ચા વિચારણા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા સહકારી સચિવ ડો. આશિષકુમાર ભૂટાનીએ કરી હતી. પ્રસ્તાવિત સહકારી સંસ્થા ખાંડ આધારિત રસાયણો અને સંકુચિત બાયો ગેસ (CBG)ના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ટકાઉ અને પર્યાવરણ અનુકૂળ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવાની સરકારની વ્યાપક દૃષ્ટિ સાથે સુસંગત છે. આ પહેલે ખેડૂત, ઉદ્યોગો અને ખાંડ ક્ષેત્ર સાથે જોડાયેલા શેર ધારકો માટે નવા અવસરો ઊભા કરીને સહકારી ક્ષેત્રને મજબૂત બનાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. ખાંડ રસાયણ જેવા વેલ્યુ-એડેડ ઉત્પાદન અને CBG જેવા ક્લીન એનર્જી સોલ્યુશન્સને જોડીને, આ સંસ્થા આવક વધારવાનો અને ભારતના ગ્રીન એનર્જી લક્ષ્યોમાં યોગદાન આપવાનો ઉદ્દેશ ધરાવે છે. આ ઉપરાંત, ડૉ. ભૂતાનીએ ભારતીય પોટેશ લિમિટેડ (IPL)ની પ્રગતિ અને કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે એક અલગ સમીક્ષા બેઠકનું અધ્યક્ષસ્થાન પણ સંભાળ્યું હતું. સમીક્ષાનો મુખ્ય ઉદ્દેશ ચાલતા પ્રોજેક્ટ, ઓપરેશનલ એફિસીએન્સી અને ખેતી ઉત્પાદનને સુધારવા અને દેશભરમાં ખાતર વિતરણમાં IPLની ભૂમિકા વધુ મજબૂત બનાવવા માટેની વ્યૂહ રચના કરવાનો હતો. જેમાં સમયસર અમલ, પારદર્શિતા અને મજબૂત મોનીટરીંગ સિસ્ટમ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

ચર્ચા દરમિયાન સચિવે સહકારી ક્ષેત્રમાં સુધારાની ગતિ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને જણાવ્યું કે સહકારી સંસ્થાઓ ગ્રામ વિકાસ અને આર્થિક સશક્તિકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે નવીનતા, આધુનિક ટેક્નોલોજી અપનાવવા અને વધુ સારા શાસન પદ્ધતિઓ અમલમાં મૂકવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો, જેથી સહકારી સંસ્થાઓ વધુ સ્પર્ધાત્મક અને સશક્ત બની શકે.

આ બેઠકોમાં વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને અગ્રણી સહકારી સંસ્થાઓના ટોચના પ્રતિનિધિઓએ ભાગ લીધો. હાજર રહેનારામાં સહકારિતા મંત્રાલયના વધારાના સચિવશ્રી પંકજ કુમાર બન્સલ અને સંયુક્ત સચિવશ્રી રમણ કુમારનો સમાવેશ થાય છે.




સહકારી ક્ષેત્રના મુખ્ય પ્રતિનિધિઓમાં NDDBના અધ્યક્ષશ્રી મીનિશ શાહ; IFFCOના મેનેજિંગ ડિરેક્ટરશ્રી કે.જે. પટેલ; Amul (GCMMF)ના મેનેજિંગ ડિરેક્ટરશ્રી જયેન મહેતા; KRIBHCOના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એસ.એસ. યાદવ;

અનુસંધાન પાના નંબર : 2

### ગુજરાતથી કાશ્મીર સુધી દૂધની ડાયરેક્ટ રેલ લિંક શરૂ કરાઈ

## ઈતિહાસમાં પ્રથમ વખત અમૂલનું દૂધ લઈ સ્પેશિયલ ટ્રેન અમદાવાદથી J&K પહોંચી

જમ્મુ : ભારતીય રેલવેના જમ્મુ ડિવિઝને પ્રથમ વખત ગુજરાતથી જમ્મુ- કાશ્મીર સુધી અમૂલના દૂધ અને ડેરી પ્રોડક્ટ્સ પહોંચાડતી સ્પેશિયલ માલગાડી સફળતાપૂર્વક દોડાવી છે. આ પહેલને "ઐતિહાસિક સિદ્ધિ" ગણાવતા અધિકારીઓએ જણાવ્યું કે, હવે કાશ્મીર વિસ્તારમાં પૌષ્ટિક ડેરી ઉત્પાદનોની સતત અને સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે.

અમદાવાદ ડિવિઝનના લિંચ ગુડ્સ શેડમાંથી 20 એપ્રિલે રવાના થયેલી આ ટ્રેન 20 BCN વેગન સાથે જમ્મુ ડિવિઝનના બારી બ્રાહ્મણ અને અનંતનાગ ગુડ્સ શેડ પર પહોંચી હતી. જેમાંથી 10 વેગન બારી બ્રાહ્મણ અને 10 વેગન અનંતનાગમાં ખાલી કરવામાં આવ્યા.

દરેક ભાગમાં આશરે 500 ટન ડેરી ઉત્પાદનો હતા. આ કન્સાઈનમેન્ટમાં




ટોન્ડ મિલ્ક, મિલ્ક પાઉડર, છાશ, લસ્સી સહિતની જરૂરી વસ્તુઓ સામેલ હતી. રેલવેના અધિકારી ઉચિત સિંઘલે જણાવ્યું કે, આ પહેલ નાગરિકો, વેપારીઓ અને પરિવારોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી છે, જેથી 24 કલાક તાજા ડેરી પ્રોડક્ટસ ઉપલબ્ધ રહી શકે. ડાયરેક્ટ રેલ કનેક્ટિવિટીથી રોડની તુલનામાં ટ્રાન્સપોર્ટનો સમય અને ખર્ચ બંને ઘટશે, જેના કારણે સ્થાનિક બજારો અને ગ્રાહકોને સીધો લાભ મળશે. અગાઉ ઓક્ટોબર 2025માં પણ ગુજરાતથી 1350 ટન ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટ અનંતનાગ સુધી રેલવે દ્વારા પહોંચાડવાનો માઈલસ્ટોન હાંસલ થયો હતો.

### NCDC સહકારી વિકાસનો મુખ્ય આધાર બની ઉભર્યું છે

## NCDC ખેડૂતોની આવક વધારવામાં અને ગ્રામીણ આર્થિક વિકાસને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે

નવી દિલ્હી : રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) ભારતના સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવામાં એક કેન્દ્રીય સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે, જે લક્ષિત નાણાકીય અને સંસ્થાકીય પગલાંઓ દ્વારા ખેડૂતોની આવક વધારવા અને ગ્રામીણ આર્થિક વિકાસને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સહકાર મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર ડેટા અનુસાર, NCDC એ તાજેતરના વર્ષોમાં તેની નાણાકીય સહાયમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેમાં વિતરણ 2020-21માં રૂ. 24,733 કરોડથી લગભગ ચાર ગણું વધીને 2024-25માં રૂ. 95,000 કરોડથી વધુ થયું છે. ચાલુ નાણાકીય વર્ષમાં, કોર્પોરેશને પહેલાથી જ રૂ. 1.4 લાખ કરોડથી વધુ મંજૂર કર્યા છે અને લગભગ રૂ. 1 લાખ કરોડનું વિતરણ કર્યું છે, જે સહકારી ક્ષેત્રોમાં NCDCનાં વધતા પ્રભાવને દર્શાવે છે.

NCDC માટે એક મુખ્ય ધ્યાન કેન્દ્રિત ક્ષેત્ર ડેરી સહકાર યોજના છે, જેના હેઠળ તેણે ઓક્ટોબર 2021 થી દેશભરની લગભગ 20,000 ડેરી સહકારી મંડળીઓને રૂ. 765.98 કરોડની નાણાકીય સહાય પૂરી પાડી છે. ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોએ વિશેષ લાભ લીધો છે. જેમાં આ સહાયનો ઉપયોગ માળખાગત વિકાસ, આધુનિકીકરણ અને ડેરી કામગીરીના વિસ્તરણ માટે કરવામાં આવી રહ્યો છે. આ યોજનાએ ઉત્પાદન ક્ષમતા વધારવામાં મૂલ્યવર્ધન અને ખેડૂતોની આવકમાં સુધારો લાવવામાં



મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ધિરાણની પહોંચ સુધારવા માટે, NCDC એ ફ્લોટિંગ વ્યાજ દરો અને વિભેદક ધિરાણ પદ્ધતિઓ, ઉધાર ખર્ચ ઘટાડવા અને સહકારી સંસ્થાઓની જરૂરિયાતો અનુસાર નાણાકીય સહાયને સમાયોજિત કરવા જેવા સુધારાઓ રજૂ કર્યા છે. ક્રેડિટ ગેરંટી યોજનાઓ હેઠળ તેની નોંધણીએ કોલેટરલ-મુક્ત લોનને વધુ સક્ષમ બનાવી છે, નાણાકીય સમાવેશનો વિસ્તાર કર્યો છે.

સહકારી માળખામાં 'કિસાન ઉત્પાદક સંગઠનો' (FPOs)ને પ્રોત્સાહન આપવા માટે પણ NCDCની ભૂમિકા વિસ્તરી છે. કોર્પોરેશનએ 1,800થી વધુ FPOsના રચનામાં સહાય કરી છે, જેના પરિણામે ખેડૂતોને વધુ સારી બજાર ઉપલબ્ધતા, તેમની ઉપજ માટે યોગ્ય ભાવ અને વધુ સશક્ત વાટાઘાટ કરવાની શક્તિ મળી છે. ઉપરાંત, FPOs અને ક્લસ્ટર આધારિત વ્યાપારી સંસ્થાઓને 245 કરોડ રૂપિયા કરતાં વધુ નાણાકીય સહાય પણ આપવામાં આવી છે.

મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રમાં, NCDC પરંપરાગત સહકારી સંસ્થાઓને 'મત્સ્ય ખેડૂત ઉત્પાદક સંગઠનો' (FFPOs)માં પરિવર્તિત કરવાની પહેલનું નેતૃત્વ કરી રહ્યું છે. 280.65 કરોડ રૂપિયાના મંજૂર

અનુસંધાન પાના નંબર : 2

સહકાર

# મહિલા ખેડૂતોએ કૃષિ વિકાસ માટે આગળ આવવું જોઈએ

જમ્મુ : IFFCO દ્વારા શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં આયોજિત મહિલા કૃષક મિટિંગમાં ખેતીમાં મહિલાઓની કેન્દ્રિય ભૂમિકા પર ભાર આપતા, જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નરશ્રી મનોજ સિંહાએ જણાવ્યું કે, "મહિલા કૃષક વિના દરેક થાળી ખાલી રહેશે," ખેતી અને સંબંધિત ક્ષેત્રોમાં મહિલાઓના યોગદાનને હાઈલાઈટ કરતા તેમણે નોંધ્યું કે મહિલાઓના કૃષક તેમના પુરુષ સહકર્મીઓની કરતા વધારે કઠોર મહેનત કરે છે અને ખાદ્ય સુરક્ષા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે મુખ્ય ભૂમિકા ભજવે છે.

2026ને આંતરરાષ્ટ્રીય મહિલા કૃષક વર્ષ તરીકે ઐતિહાસિક તક ગણાવી, શ્રી સિંહાએ જણાવ્યું કે, મહિલાઓને "માત્ર શ્રમકર્તા નહીં પરંતુ સર્જક" તરીકે ઓળખ આપવી જોઈએ. અને દરેક સરકારી યોજનામાં તેમને પ્રાથમિકતા આપવી જોઈએ. આ કાર્યક્રમની વિગતો આપતાં શ્રી દિલીપભાઈ સંઘાણીએ વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલ "સહકાર સે સમૃદ્ધિ" નું વિઝન દેશભરમાં સહકારી ચળવળને ઉર્જા આપી રહ્યું છે. મોદીના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે. શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ નવા મોડેલ પેટા-નિયમોની રજૂઆતથી સહકારી માળખાને મજબૂત બનાવવામાં મદદ મળી છે. તેમણે આ સુધારાઓને આકાર આપવામાં સમિતિના સભ્ય તરીકે પોતાના યોગદાનનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, આ સંમેલન આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ-2026 નિમિત્તે આયોજિત કરવામાં આવ્યું છે.

આ પરિષદમાં પ્રદર્શન મુલાકાતો, ઉદ્ઘાટન સમારોહ અને સિદ્ધિઓનું સન્માન, જમ્મુ અને કાશ્મીરમાં સમાવિષ્ટ કૃષિ વિકાસ અને ગ્રામીણ પરિવર્તનને આગળ ધપાવવામાં સહકારી અને મહિલાઓની આગેવાની હેઠળની પહેલોની ભૂમિકાને મજબૂત બનાવવાનો પણ સમાવેશ થાય છે.



# ગુજકોમાસોલ દ્વારા રાજ્યમાં MNG કુદરતી ખાતરોના વેચાણનો પ્રારંભ

ગાંધીનગર : ગુજરાતના ખેડૂતોને સમૃદ્ધ બનાવવાના અને ખેતીને કેમિકલ મુક્ત બનાવવાના ઉદ્દેશ સાથે ગુજકોમાસોલ દ્વારા કુદરતી ખનીજ તત્વયુક્ત ખાતરોના રાજ્યવ્યાપી વેચાણની શરૂઆત કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં આ ઉત્પાદનોને સત્તાવાર રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, વાઈસ ચેરમેનશ્રી બિપીનભાઈ પટેલ (ગોતા ), કંપનીના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી કે. કે. પટેલ તથા માર્કેટિંગ ડાયરેક્ટરશ્રી યોગેશ કુમાર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતો અને મહેમાનોનું પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજકોમાસોલ અને રૂટ કંપની વચ્ચે એમઓયુ પણ કરવામાં આવ્યા હતા. આ કુદરતી ખાતરો યુરોપની જાણીતી કંપની મિનરલ નેચરલ ગ્રીન દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે, જે જમીનની ઉપજ ક્ષમતા વધારવામાં મદદરૂપ બનશે. આ ખાતરના ઉપયોગથી ખેતીમાં કેમિકલના ઉપયોગમાં ઘટાડો થશે અને જમીન તથા પર્યાવરણનું સંરક્ષણ થશે.

ગુજકોમાસોલ સાથે સંકળાયેલી સંસ્થાઓ દ્વારા આ પ્રોડક્ટ ખેડૂતોને વ્યાજબી કિંમતે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા અને નવી પહેલ પ્રત્યે

**ગુજકોમાસોલ દ્વારા કુદરતી ખનિજ ખાતરના વેચાણનો આરંભ**



ઉત્પાદનની ગુણવત્તા નિશ્ચિત કરવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વૈજ્ઞાનિક પરીક્ષણ અને ટ્રાયલ કરવામાં આવ્યા હતા, જેમાં સકારાત્મક પરિણામો મળ્યા હોવાનું જણાવાયું હતું.

ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. આ પહેલથી ગુજરાતના ખેડૂતોને વધુ ઉપજ, ઓછો ખર્ચ અને પર્યાવરણને અનુકૂળ ખેતી તરફ પ્રોત્સાહન મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ગ્રીન મોબિલિટી તરફ ડગલું: ભારત ટેક્સી અને મેસિવ મોબિલિટી વચ્ચે EV ઈકોસિસ્ટમ માટે જોડાણ

નવી દિલ્હી : સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડ (STCL) દ્વારા સંચાલિત દેશના પ્રથમ સહકારી રાઈડ-હેલિંગ પ્લેટફોર્મ 'ભારત ટેક્સી' એ તેના નેટવર્કમાં ઈલેક્ટ્રિક વાહનો (EV) ને પ્રોત્સાહન આપવા માટે મેસિવ મોબિલિટી પ્રાઈવેટ લિમિટેડ' સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. આ જોડાણ હેઠળ, મેસિવ મોબિલિટી તેના વિશાળ ચાર્જિંગ નેટવર્ક અને ટેક્નોલોજી પ્લેટફોર્મની સુવિધા આપશે, જ્યારે ભારત ટેક્સી તેના ડ્રાઈવરોને આ ઈકોસિસ્ટમ સાથે જોડશે. ડ્રાઈવરો માટે EV અપનાવવાનું સરળ બને તે માટે આ ભાગીદારી હેઠળ સસ્તું ચાર્જિંગ, કેશબેક ઈન્સેન્ટિવ્સ, પર્ફોર્મન્સ બેનિફિટ્સ અને વાહન ખરીદી માટે લોનની સુવિધા પૂરી પાડવામાં આવશે.




આ ઉપરાંત, ડ્રાઈવરોને વિશેષ તાલીમ અને સપોર્ટ આપવાની સાથે સમર્પિત 'ફ્લીટ ચાર્જિંગ હબ' પણ સ્થાપવામાં આવશે.

ભારત ટેક્સીના સીઈઓશ્રી કર્નલ હિમાંશુ શર્માએ જણાવ્યું હતું કે, "આ ભાગીદારી અમારા 'સારથીઓ' માટે ચાર્જિંગ સુવિધા અને નાણાકીય સહાયને જોડીને એક વ્યવહારુ EV ઈકોસિસ્ટમ બનાવવાની દિશામાં મહત્વનું પગલું છે." ઉલ્લેખનીય છે કે, ઈફ્કો (IFFCO) અને નાબાર્ડ (NABARD) જેવી સંસ્થાઓના ટેકાથી ચાલતી ભારત ટેક્સી આગામી સમયમાં એક અલગ ' કેટેગરી' પણ રજૂ કરી શકે છે.

# સહકારી ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ: દેશમાં લગભગ 37,000 નવી સહકારી મંડળીઓની નોંધણી

નવી દિલ્હી: ભારતના સહકારી આંદોલનમાં ઐતિહાસિક ગતિ નોંધાઈ રહી છે. ફેબ્રુઆરી 2023થી અત્યાર સુધી National Cooperative Database (NCD)માં કુલ 36,996 નવી સહકારી મંડળીઓની નોંધણી કરવામાં આવી છે, જે દેશના સહકારી ક્ષેત્રના વ્યાપક વિસ્તરણ અને મજબૂતી તરફનો સ્પષ્ટ સંકેત આપે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સહકારી ક્ષેત્રે દેશના અંતરિયાળ વિસ્તારો સુધી પોતાની પહોંચ વધારી છે અને સર્વસમાવેશક વિકાસને નવી દિશા આપી છે.

Ministry of Cooperation ના જણાવ્યા મુજબ, નવી નોંધાયેલી મંડળીઓમાં 9,677 મલ્ટી-પર્પઝ



એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટીઝ (MPACS), 25,054 મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઝ (MDCS) અને 2,264 મલ્ટી-ફંક્શનલ કોઓપરેટિવ સોસાયટીઝ (MFCS) નો સમાવેશ થાય છે. આ નોંધપાત્ર વધારો સહકારી સંસ્થાઓના વધતા પ્રભાવ અને દેશના આર્થિક માળખામાં તેમની મજબૂત ભૂમિકાને ઉજાગર કરે છે.

સહકારી ક્ષેત્રનો આ વિસ્તરણ "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને વધુ મજબૂત બનાવે છે અને લાખો લોકોને આર્થિક રીતે સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે. સહકારી ચળવળના આ ઉછાળા સાથે દેશના સર્વસમાવેશક અને સ્થિર વિકાસને નવી ગતિ મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# બગસરા નાગરિક શરાફી મંડળીએ રૂ.7.72 કરોડનો નફો કર્યો

અમરેલી: બગસરા નાગરિક શરાફી મંડળીએ ઐતિહાસિક નફો કરીને સમગ્ર રાજ્યની તમામ મંડળીને પાછળ છોડી દીધી છે.

જૂના જનસંઘી અને બગસરાનાં વતની શ્રી રશ્વિનભાઈ ડોડીઆએ આજથી 42 વર્ષ પહેલા એટલે કે વર્ષ 1984માં બગસરા ખાતે એક નાની એવી જગ્યામાં રાજકોટનાં દિગ્ગજ સહકારી અગ્રણી અરવિંદભાઈ મણીયારની પ્રેરણાથી મંડળી ચાલુ કરી. તે સમયે માત્ર 236 સભાસદો અને રૂ. 2.36 લાખ શેર ભંડોળથી શરૂઆત થયા બાદ બેસ્ટ મેનેજમેન્ટ અને શેરધારકો, થાપણદારોનાં સાથ-સહકારથી મંડળી સતત પ્રગતિનાં શિખરો સર કરી રહી છે. બગસરા મંડળીની શાખા ધારી, ચલાલા, અમરેલી, લીલીયા અને જિલ્લા બહાર રાજકોટ, બાપુનગર, નિકોલ અને વડોદરા સુધી ખુલ્લી ગઈ છે.

વર્ષ 2025-26માં સભાસદની સંખ્યાનો આંક 24,539 સુધી પહોંચી ગયો છે. તો અનામત ભંડોળ તથા અન્ય રૂ.33,70,41,213.90 અને થાપણો રૂ.12,019,15,768 સુધી પહોંચી છે. ધિરાણનો આંક રૂ. 1,60,08,91,792 સુધી પહોંચી ગયો છે. મંડળીનું રોકાણ રૂ. 5,20,77,863 અને ટર્ન ઓવર રૂ. 720 કરોડ અને વર્ષ 2025-26નો નફો રૂ.7 કરોડ 72 લાખને વટાવી ચૂક્યો છે. આટલી અધધ રકમનો નફો કરનાર બગસરા મંડળી રાજ્યની નંબર વન મંડળી બની છે. જો કે ગત વર્ષે પણ મંડળીએ સમગ્ર રાજ્યમાં નંબર વન સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

મંડળી લિ.નાં સ્થાપક ચેરમેનશ્રી રશ્વિનભાઈ ડોડીઆ, જનરલ એમ.ડી. શ્રી નિતેષભાઈ ડોડીઆ, ડાયરેકટરશ્રી કંચનબેન રાદડીયા, શ્રી શરદ લાખાણી, જનરલ સેક્રેટરીશ્રી દિનેશચંદ્ર મહેતા, ફિલ્ડ ઓફિસરશ્રી જયદિપ નાકરાણી તેમજ એમ.ડી. શ્રી મહેશભાઈ વ્યાસ, શ્રી કેતનભાઈ ધકાણ સહિતની ટીમની કાર્યદક્ષતાથી આ મંડળી આજે કોર્પોરેટ બેન્કને પણ ટક્કર આપી રહી છે.

**ખેતી બેન્ક દ્વારા ખેડૂતો... પાના નં. 3નું અનુસંધાન**

આ બેઠકમાં બેંકના જનરલ મેનેજરશ્રી કે.બી. પટેલ પણ હાજર રહ્યા હતા. ચર્ચા દરમિયાન રાજ્યના નાના અને સીમાંત ખેડૂતો સુધી ખેડૂતલક્ષી યોજનાઓ વધુ અસરકારક રીતે પહોંચે તે અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ OTS યોજનાના પ્રસ્તાવને હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો અને આ દિશામાં યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું, જે ખેડૂતો માટે રાહતરૂપ સાબિત થઈ શકે છે.

બેઠક દરમિયાન રૂ. 25,000 સુધીની કૃષિ લોન લેનારા ખેડૂતો માટેની 'દામદુપટ યોજના' અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય હેતુ વર્ષ 2018 પહેલાં લોન લેનારા નાના અને સીમાંત ખેડૂતોના દેવાના બોજને ઘટાડવાનો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વિઝનને અનુરૂપ, ખેતી બેંકે ખેડૂતોના નાણાકીય સશક્તીકરણ અને ગ્રામીણ વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા પુનઃદ્રઢ કરી છે. આ બેઠક સહકારી ક્ષેત્ર અને સરકાર વચ્ચેના સુમેળને વધુ મજબૂત બનાવતી અને ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ પગલાં તરફ દોરી જતી સાબિત થઈ છે.

**સહકારી બેંકો સહકારી... પાના નં. 4નું અનુસંધાન**

તો રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભૂમિકા નોંધપાત્ર રીતે વધી શકે છે. અનાસ્કરે મહારાષ્ટ્ર સહકારી મંડળીઓ અધિનિયમ હેઠળની જોગવાઈઓનો પણ ઉલ્લેખ કર્યો, જે સહકારી સંસ્થાઓને તેમના ચોખ્ખા નફાના 20% સુધી જાહેર કલ્યાણ માટે ફાળવવાની મંજૂરી આપે છે.

પરંતુ તેમણે એક મહત્ત્વપૂર્ણ મર્યાદા તરફ ધ્યાને દોર્યું છે કે, મર્યાદા વર્તમાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની માર્ગદર્શિકા મુજબ, સહકારી બેંકો તેમના પાછલા વર્ષના ચોખ્ખા નફાના માત્ર 1% સુધી દાન કરવા માટે પ્રતિબંધિત છે. તેમણે કહ્યું કે, આ સહકારી કાયદાઓના ઉદ્દેશ્ય અને નિયમનકારી પ્રતિબંધો વચ્ચે વિસંગતિ ઊભી થાય છે. જે સામાજિક કાર્યોમાં અર્થપૂર્ણ યોગદાન આપવાની સહકારી ક્ષેત્રની ક્ષમતાને મર્યાદિત કરે છે.

પત્રમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે, માળખાગત CSR સાથે, સહકારી સંસ્થાઓ નાણાકીય સાક્ષરતા, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, આરોગ્યસેવા, મહિલા સશક્તીકરણ અને પર્યાવરણીય ટકાઉપણું જેવા ક્ષેત્રોમાં અસરકારક પહેલ કરી શકે છે. આવા પ્રયાસોથી માત્ર સમુદાયોને ફાયદો થશે નહીં પરંતુ સહકારી ક્ષેત્રની વિશ્વસનીયતા અને જાહેર છબી પણ વધશે.

અનાસ્કરે સહકાર મંત્રાલયને આ બાબતે નીતિગત નિર્ણય લેવા વિનંતી કરી છે કે, આરબીઆઈને સહકારી બેંકોને સીએસઆર પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેવા સક્ષમ બનાવવા માટે યોગ્ય માર્ગદર્શિકા ઘડવાની સલાહ આપવામાં આવે.આ દરખાસ્ત એવા સમયે આવી છે જ્યારે સરકાર સહકારી ચળવળને પુનર્જીવિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, અને એવું માનવામાં આવે છે કે સીએસઆરને ક્ષેત્રમાં એકીકૃત કરવાથી સમાવિષ્ટ અને પાયાના સ્તરે સંચાલિત વિકાસ માટે એક નવો માર્ગ ખુલી શકે છે.

**ભારત દ્વારા સ્થાનિકે... પાના નં. 4નું અનુસંધાન**

વોશિંગટન મુલાકાતે છે. આ મુલાકાત ગઈકાલથી શરૂ થઈ છે.

અમેરિકાની સુપ્રિમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને અયોગ્ય ઠેરવતા નિકાસકારોને વળતર ચૂકવવાનો આદેશ આપતાં આ કરારમાં ઘણા ફેરફારની શક્યતા વધી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ સરકારે સુપ્રિમના આદેશ અનુસાર, વળતર પ્રક્રિયા શરૂ કરી છે. મુક્ત વેપાર કરાર હેઠળ ટ્રમ્પે ભારત ટેરિફનો દર 50 ટકાથી ઘટાડી 18 ટકા કરવા પર સંમતિ દર્શાવી હતી. તેમજ રશિયા પાસેથી ક્રૂડની ખરીદી કરવા બદલ લાગુ 25 ટકા ટેરિફ દૂર કર્યો હતો. આ કરારનો મુસદ્દો ૭ ફેબ્રુઆરીના રોજ તૈયાર કરાયો હતો. 20 ફેબ્રૂઆરીના રોજ યુએસ સુપ્રિમ કોર્ટે ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફ સામે ચુકાદો આપતાં વલણ બદલાઈ ગયું હતું. વધુમાં જ્યારે ભારતે આ ડીલ કરી, ત્યારે તેને તેના હરીફ દેશોની તુલનાએ વધુ લાભ મળ્યો હતો. યુએસના અન્ય તમામ ટ્રેડિંગ પાર્ટનર્સ એકસમાન 10 ટકા ટેરિફનો સામનો કરી રહ્યા છે, તેથી કરારને ફરીથી માપાંકિત કરવાની જરૂર ઊભી થઈ છે.

**સમુદ્રિ વેપાર માટે... પાના નં. 1નું અનુસંધાન**

બનાવ્યા છે. જહાજો અને તેમાંથી લાવવામાં આવતા કરોડોના માલને નુકસાનનો ભય વધ્યો છે, તેમજ વીમાનો ખર્ચ પણ વધી ગયો છે. અત્યાર સુધી ભારતીય જહાજોને તેલ પુરવઠો, જહાજોની ટક્કર, મલબાની સફાઈ કે કર્મચારીઓની ઈજા જેવી ત્રીજા પક્ષની જવાબદારીઓ માટે આંતરરાષ્ટ્રીય 'પ્રોટેક્શન એન્ડ ઈન્ડેમ્નિટી' ક્લબ પર નિર્ભર રહેવું પડતું હતું. તેમાં સમસ્યા એ હતી કે, યુદ્ધ કે પ્રતિબંધની સ્થિતિમાં આ વિદેશી કંપનીઓ કવરેજ તુરંત ખેંચી લે છે. આવા સંવેદનશીલ સમયમાં દેશના વેપારને રોકાતો અટકાવવા માટે સ્વદેશી વીમા ઢાંચાની તીવ્ર જરૂર હતી તેને હવે કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે

### રૂા. 12,980 કરોડની ગેરંટીનો લાભ કોને મળશે?

થોડા દિવસ પહેલા પીએમ મોદીની અધ્યક્ષતામાં એક કેન્દ્રીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વીમા કવચ માટે ચર્ચા કરવામાં આવી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ભારત મેરીટાઈમ ઈન્શ્યોરન્સ પૂલ વિદેશી અને અસ્થિર સમુદ્રી માર્ગો પરથી જતા જહાજોને સસ્તું વીમા કવરેજ આપશે. આ વીમા કવચમાં એ તમામ જહાજો આવી જશે જેના પર ભારતીય ધ્વજ હોય અને તે ભારતના નિયંત્રણ હેઠળ હોય અથવા તો ભારતના બંદરો પર આવ-જાવ કરતા હોય! આ વીમા કવચમાં 12,980 કરોડની ગેરંટી લાભ મળી રહેવાનો છે.

### આ વીમા યોજનામાં તમામ સમુદ્રી વેપાર જોખમો આવરી લેવાશે

મહત્વની વાત એ છે કે, ભારતીય જહાજોને હવે સમુદ્રમાં મોટી દુર્ઘટના કે યુદ્ધથી નુકસાન થાય તો ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી. કારણ કે, આવી સ્થિતિમાં ભારત સરકાર તેમની સાથે ઊભી રહેશે. આ વીમા યોજનામાં જહાજની મશીનરી, માલ અને યુદ્ધ જોખમો સહિત તમામ સમુદ્રી વેપાર જોખમો આવરી લેવાશે. આ માત્ર વીમા યોજના નથી, પરંતુ સમુદ્રી વેપારમાં ભારતને આત્મનિર્ભર બનાવવાનું મજબૂત સાધન સાબિત થશે તેવો કેન્દ્ર સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. પ્રીમિયમની વાત કરવામાં તો પ્રારંભિક કદ 950 કરોડ રૂપિયા જેટલું હશે. આ યોજનામાં પારદર્શકતા અને સરળતા માટે વિશેષ શાસન સંસ્થા રચના કરવામાં આવશે. આથી ભારતીય નૌકાયનમાં વિદેશી પ્રતિબંધોનો ભય ખતમ થશે અને વેપાર પર નિયંત્રણ મજબૂત થશે.

**ક્રેડિટ સોસાયટીઓએં... પાના નં. 1નું અનુસંધાન**

મળી રહ્યો છે તથા ફેડરેશનના વાઈસ ચેરમેનશ્રી ડો.જીવરાજભાઈ ગોધાણીએ ડિજિટલાઈઝેશન ઈન કો-ઓપ.સોસાયટીઝ તથા ક્રેડિટ સોસાયટીઓમાં નફાની ફાળવણી વિશે વિગતવાર માહિતી આપેલ હતી તેમજ આઈ.સી.એમ.દહેરાદૂનના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી અજય શર્માએ કો- ઓપ.મૂવમેન્ટ ઈન ઉત્તરાખંડ વિશે વિગતવાર માહિતી આપી હતી.

લીડરશીપ પ્રોગ્રામ દરમિયાન તારીખ 17/04/2026ના રોજ પ્રતિનિધિઓએ આઈ.સી.એમ.દહેરાદૂનની સ્ટડી વિઝિટ કરી હતી અને માહિતી માર્ગદર્શન મેળવ્યા હતા. પ્રોગ્રામમાં 40 જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

સ્વાગત પ્રવચન ફેડરેશનના વાઈસ ચેરમેન ડો.જીવરાજભાઈ ગોધાણીએ તથા આભાર દર્શન સી.ઈ.ઓ. શ્રી ડી.સી.વાઘેલાએ કર્યું હતું.

**ગ્રીન ઇન્ડસ્ટ્રી માટે... પાના નં. 1નું અનુસંધાન**

અને NCELના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અનુપમ કૌશિક, ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL)ના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. પી.એસ. ગેહલોતે પણ અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે આ સમીક્ષા બેઠકમાં ભાગ લીધો. આ તમામ મહત્વપૂર્ણ હિતધારકોની હાજરી ભારતના સહકારી માળખાને મજબૂત બનાવવા માટેના સહયોગાત્મક અને એકીકૃત અભિગમને દર્શાવે છે. ચર્ચાનો અંત સહકારી આધારિત વિકાસને આગળ વધારવા અને નવી પહેલો દ્વારા સ્થિર વિકાસ તથા આર્થિક પ્રગતિમાં અસરકારક યોગદાન સુનિશ્ચિત કરવાની સંયુક્ત પ્રતિબદ્ધતા સાથે થયો.

**ખેડૂતોની આવકમાં... પાના નં. 1નું અનુસંધાન**

બજેટ હેઠળ 1,000 સંસ્થાઓને મજબૂત બનાવવા માટે પસંદ કરવામાં આવી છે. આ પહેલથી મત્સ્ય ઉદ્યોગની મૂલ્ય શ્રૃંખલાનો આધુનિકીકરણ થશે અને માછીમાર સમુદાયોની આવકમાં વધારો થવાની આશા છે. ઋણ સુવિધાઓને વધુ સરળ બનાવવા માટે, NCDCએ ફ્લોટિંગ વ્યાજ દર અને વિવિધ પ્રકારની લોન વ્યવસ્થાઓ જેવા સુધારા અમલમાં મૂક્યા છે. આથી લોનની કિંમત ઘટી છે અને સહકારી સંસ્થાઓની જરૂરિયાતોને અનુરૂપ નાણાકીય સહાય મળી રહી છે. ક્રેડિટ ગેરંટી યોજનાઓ હેઠળ નોંધણીથી ગેરંટી વગર લોન મેળવવાની સગવડ પણ ઉપલબ્ધ થઈ છે, જેનાથી નાણાકીય સમાવેશ વધુ વિસ્તર્યો છે.

કોર્પોરેશને નવી પ્રાદેશિક અને પેટા-કાર્યાલયો ખોલીને તેની ભૌગોલિક હાજરીનો પણ વિસ્તાર કર્યો છે, ખાસ કરીને ઉત્તર-પૂર્વ અને દૂરના પ્રદેશોમાં, વ્યાપક પહોંચ સુનિશ્ચિત કરીને. વધુમાં, NCDC ને રૂ. 2,000 કરોડની ગ્રાન્ટની સરકારની મંજૂરીથી તેને બજારમાંથી રૂ. 20,000 કરોડ સુધીનો લાભ મેળવવામાં મદદ મળશે, જે તેની ધિરાણ ક્ષમતાને વધુ મજબૂત બનાવશે. ધિરાણ ઉપરાંત, NCDC એ રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ સહિત વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રવેશ કર્યો છે, જેથી સહકારી સંસ્થાઓને ટેકનિકલ સહાય, ક્ષમતા નિર્માણ અને તાલીમ પૂરી પાડવા માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ સહિત અનેક વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. જેનાથી તેમની કાર્યક્ષમતા અને ટકાઉપણામાં સુધારો થયો છે.

**રાજ્યમાં પ્રથમ વાર અમદાવાદ નજીક કઠવાડામાં હાઈટેક ગૌકુંભ યોજાયો**

# ‘ડિજિટલ ગોકુળ’માં ગાયોની નસલ સુધારવા, દૂધ ઉત્પાદન ક્ષમતા જાણવા QR કોડ મૂકાયા

અમદાવાદ : અમદાવાદ પાસેના કઠવાડામાં 116 વીઘામાં પથરાયેલું ‘ગોકુળ’ દેશનો સૌથી મોટો ‘હાઈટેક ગૌ-શો’ બન્યો હતો. મેળાની વિશેષતા એ હતી કે દરેક ગાયના સ્ટોલ પર એક વિશિષ્ટ QR કોડ મૂકવામાં આવ્યો હતો, જેને સ્કેન કરતાં જ પશુની સાત પેઢીનો ઈતિહાસ મોબાઈલ સ્ક્રિન પર ફ્લેશ થાય છે. ગાયનું ‘આધાર કાર્ડ’ અને ડિજિટલ પ્રોફાઈલ મેળામાં આવેલી શ્રેષ્ઠ નસલની ગાયોને યુનિક આઈડી અપાયું છે. પશુપાલકો અને ગૌપ્રેમીઓ આ ડિજિટલ સ્કેનરનો ઉપયોગ કરે ત્યારે તેમને ગાયનું નામ, તેની ઉંમર, અત્યાર સુધીનું દૂધનું ઉત્પાદન અને તેના પિતા (બુલ)ની જિનેટિક વિગતો જોવા મળે છે.

આયોજક લાલાભાઈ કથવાડા અને રાજેન્દ્ર રાઠીના જણાવ્યા અનુસાર આ ટેકનોલોજીનો મુખ્ય ઉદ્દેશ્ય ગાયોની નસલ સુધારવાનો છે. વેચાણ અને બ્રીડિંગ માટેની ‘સ્માર્ટ' દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરાયું છે. ગાયની સાત પેઢીનો ડેટા ગૌશાળાઓ દ્વારા વર્ષોથી મેન્ટેન કરાતાં રજિસ્ટર અને હવે ડિજિટલ ડેટાબેઝમાંથી લેવાયો છે. સાથે જ ગૌમૂત્ર અને છાણમાંથી બનતાં 200થી વધુ ઉત્પાદનનું મોડેલ રજૂ કરાયું છે. પશુપાલકો માટે ‘VBN ગૌસેવા’ અથવા સંબંધિત ડિજિટલ પ્લેટફોર્મ આવનારા મહિનાઓમાં તૈયાર કરવામાં આવશે.

બાળકો પુંગનુર ગાય સાથે રમી શકે, સેલ્ફિ લઈ શકે, તે માટે ગામડું તૈયાર કરાયું હતું.

**ગરમી સામે ગાયોનું ‘કવચ' :**
બહાર 42 ડિગ્રી ગરમી છે, પણ 116 વીઘાના આ ડોમમાં માત્ર 28 ડિગ્રી ગરમી છે. આ માટે ખાસ પ્રકારના સ્પ્રિંકલર ફુવારા અને વિશાળ પંખા 24 કલાક કાર્યરત છે. ગાયોને રજવાડી ઠાઠથી



પશુઓના વેચાણ અને બ્રીડિંગ માટે ‘સ્માર્ટ’ એપ પણ બનાવાઈ

રાખવા ગાદી જેવી વ્યવસ્થા કરાઈ છે. ગાયોને ગરમીથી રાહત આપવા માટે દરેક ગાય માટે સ્પ્રિંકલ ફુવારા મુકાયા હતા.

**કેમ ‘ડિજિટલ ગૌકુંભ’ ખાસ છે?**
ગૌ-વંશની કુંડળી : ગાયના દૂધમાં ફેટની માત્રાથી માંડી રોગપ્રતિકારક શક્તિ સુધીનો ડેટા છે.

**ભ્રમનિવારણ :** વંશાવલી વિશે થતા ખોટા દાવા ટેકનોલોજીથી અટકશે.

**યુવા આકર્ષણ :** ટેકનોલોજીના કારણે શહેરના આઈટી પ્રોફેશનલ અને યુવાનો ગૌ-પાલન સ્ટાર્ટઅપ તરફ વળી રહ્યાં છે.

**ડાયરેક્ટ કનેક્ટ :** વેચનાર-ખરીદનાર વચ્ચે કોઈ વચેટિયા નહીં રહે, બધો ડેટા પારદર્શક છે.

**24 કલાક ચાલુ રહે તેવો પ્રથમ મેળો :**
રબારી સમાજના અગ્રણી બળદેવભાઈ દેસાઈના જણાવ્યા અનુસાર મેળામાં 1.50 લાખ લોકોએ મુલાકાત લીધી છે, સાથે સાથે પહેલો મેળો હશે કે જે 24 કલાક સુધી ચાલુ રહે છે. આ મેળામાં ગાયમાંથી બનતી 200થી વધુ પ્રોડક્ટની સાથે એક ગામડું પણ ઊભું કરાયું છે. 2 દિવસમાં 2 હજાર લિટર દૂધ અને 2 હજાર લિટર છાસનું વિતરણ કરાયું હતું.

# ભારતનું અર્થતંત્ર વર્તમાન વર્ષમાં 6.4 ટકાના દરે વધશે : યુએન

યુનાઈટેડ નેશન્સ : ભારતનું અર્થતંત્ર આ વર્ષે 6.4 ટકા અને 2027માં 6.6 ટકાના દરે વધવાનો અંદાજ છે, તેમ યુનાઈટેડ નેશન્સ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું છે.

ધી યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક અને સોસિયલ ફોર એશિયા અને ધી પેસિફિક(ઈએસસીએપી) એ બહાર પાડેલા તેના રિપોર્ટમાં જણાવાયું છે કે દક્ષિણ અને દક્ષિણ-પશ્ચિમ એશિયા 2025માં 5.4 ટકા વધ્યા હતા, જે 2024માં 5.2 ટકાના દરે વધ્યા હતા કારણ કે તે ભારતમાં મજબૂત વૃદ્ધિ દરના કારણે વધ્યા હતા.




વર્ષ 2025માં ભારતનો આર્થિક વૃદ્ધિદર થોડો વધી 7.4 ટકા થયો હતો, જેને મજબૂત વપરાશ, ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રમાંથી મળ્યો હતો,સાથે ગૂડ્ઝ એન્ડ સર્વિસીઝ વેરા દર, અને યુનાઈટેડ સ્ટેટસની ટેરિફ પહેલા નિકાસ ફ્રન્ટલોડિંગ રહ્યા હતા, તેમ રિપોર્ટ- ઈકોનોમિક અને સોસિયલ સર્વિસ સરવે ઓફ એસિયા અને પેસિફિક 2026માં જણાવાયુ હતું. તેમાં જણાવાયું છે કે, ભારતમાં, આર્થિક પ્રવૃત્તિઓ 2025ના બીજા છ માસમાં સાધારણ ઘટી હતી કેમ કે અમેરિકામાં થતી નિકાસોમાં 25 ટકાનો ઘટાડો રહ્યો હતો, કારણ કે ઓગસ્ટ-25માં યુએસ દ્વારા ભારતીય ચીજો ઉપર 50 ટકા ટેરિફ લાદવામાં આવી હતી. સર્વિસીઝ સેક્ટર મુખ્ય ગ્રોથ ડ્રાઈવર બની રહ્યું હતું. રિપોર્ટમાં એવો અંદાજ આપવામાં આવ્યો છે કે ભારતનો વૃદ્ધિ દર 2026માં 6.4 ટકા અને આગામી વર્ષમાં 6.6 ટકા રહેશે. દેશમાં ફુગાવાનો અંદાજ આ વર્ષે 4.4 ટકા અને 2027માં 4.3 ટકા રહેવાનો આપવામાં આવ્યો છે.

**મલ્હોત્રાએ 28 એપ્રિલ, 2026ના રોજ UCBના 1.4 લાખ સ્ટેકહોલ્ડર્સને મુખ્ય ક્ષેત્રોમાં તાલીમ આપવા અભિયાન શરૂ કર્યું**

# આરબીઆઈ દ્વારા શહેરી સહકારી બેંકોને મજબૂત બનાવવા ‘મિશન સક્ષમ’ની શરૂઆત

નવી દિલ્હી : શહેરી સહકારી બેંકિંગ (UCB) ક્ષેત્રને વધુ મજબૂત અને સક્ષમ બનાવવા માટે ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા ‘મિશન સક્ષમ’ નામની મહત્વપૂર્ણ પહેલ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર દેશમાં ક્ષમતા નિર્માણ માટેની એક પહેલ છે, જેનો હેતુ સહકારી બેંકોને વધુ સક્ષમ, મજબૂત અને ભવિષ્ય માટે તૈયાર બનાવવાનો છે.



RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ 28 એપ્રિલ, 2026ના રોજ આ મિશનની સત્તાવાર શરૂઆત કરી હતી. આ પહેલ હેઠળ દેશભરમાં લગભગ 1.4 લાખ સ્ટેકહોલ્ડર્સને તાલીમ આપવામાં આવશે.

આ કાર્યક્રમ ખાસ કરીને બોર્ડના સભ્યો, વરિષ્ઠ મેનેજમેન્ટ તેમજ રિસ્ક, કમ્પ્લાયન્સ, ઓડિટ અને IT ક્ષેત્રમાં કાર્યરત અધિકારીઓને ધ્યાનમાં રાખીને યોજવામાં આવ્યો છે. આ તમામ ક્ષેત્રો સહકારી બેંકોની મજબૂતી અને સ્થિરતા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ‘મિશન સક્ષમ’ હેઠળ તાલીમ માટે સામસામે સત્રો તેમજ ઇ-લર્નિંગ મોડ્યુલોનો ઉપયોગ કરવામાં આવશે. પ્રાદેશિક ભાષાઓમાં તાલીમ આપીને વધુ વ્યાપક પહોંચ સુનિશ્ચિત કરવામાં આવશે. આ કાર્યક્રમ સહકારી સંઘો અને ક્ષેત્રની અગત્યની સંસ્થાઓ સાથે મળીને તૈયાર કરવામાં આવ્યો છે, જેથી જમીન સ્તરના પડકારોને યોગ્ય રીતે ઉકેલી શકાય.

‘મિશન સક્ષમ’નો મુખ્ય હેતુ UCBમાં મેનેજમેન્ટ કુશળતાઓમાં વધારો કરવો, અનુપાલનના ધોરણોને મજબૂત બનાવવું અને સંસ્થાગત ક્ષમતામાં વધારો લાવવો છે. સાથે સાથે, સતત શીખવાની સંસ્કૃતિ વિકસાવીને સહકારી બેંકિંગ ક્ષેત્રમાં લાંબા ગાળાની સ્થિરતા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનું પણ તેનું લક્ષ્ય છે. આ પહેલ સાથે RBIએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે મજબૂત માનવ સંસાધન, મજબૂત સિસ્ટમ અને મજબૂત સહકારી બેંકો દ્વારા જ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ શક્ય છે.

# ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) ના સર્વાંગી વિકાસ માટે IRMA-TSU દ્વારા મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ

આણંદ : ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (IRMA) ના ટેકનિકલ સપોર્ટ યુનિટ દ્વારા ત્રિભુવન સહકારી યુનિવર્સિટી (TSU)ના સહયોગથી 'ફ્રેન્ડ્સ ઓફ વિમેન્સ વર્લ્ડ બેંકિંગ ઈન્ડિયા'(FWWB) ના માસ્ટર ટ્રેનર્સ અને સ્ટાફ માટે 20 થી 24 એપ્રિલ, 2026 દરમિયાન "જનરલ મેનેજમેન્ટ ઓફ FPOs" વિષય પર પાંચ દિવસીય મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (MDP) નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માર્કેટિંગ, ફાઈનાન્સ, ગવર્નન્સ અને બિઝનેસ પ્લાનિંગ જેવા વિષયોનું વ્યવહારુ જ્ઞાન આપીને ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) ને વધુ સક્ષમ બનાવવાનો જેમાં ક્લાસરૂમ સત્રોની સાથે ફિલ્ડ વિઝિટ દ્વારા પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડવામાં અને સહ-સંયોજક શ્રી પ્રેમ વાસવાણીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ તાલીમમાં પ્રોફેસર સાસ્વત નારાયણ બિશ્વાસ સહિતના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે, સહકારી અને FPO ક્ષેત્રે સંસ્થાગત ક્ષમતા વધારીને દેશભરમાં ખેડૂતલક્ષી અને ટકાઉ સંગઠનોના નિર્માણમાં મહત્વનું યોગદાન આપ્યું.

# ખેતી બેન્ક દ્વારા ખેડૂતો માટે OTS યોજના ફરી શરૂ કરવા અંગે મુખ્યમંત્રી સાથે બેઠક

અમદાવાદઃ ગુજરાત સ્ટેટ એગ્રીકલ્ચર કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ બેંક (ખેતી બેંક)ના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચાએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી, જેમાં ખેડૂતોને રાહત આપવા માટે ‘વન ટાઈમ સેટલમેન્ટ’ (OTS) યોજના ફરી શરૂ કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

અનુસંધાન પાના નંબર : 2



**ખેડૂતોથી ગ્રાહકો સુધી સીધી કેરી પહોંચાડવા**

# GUJCOMASOLનો ‘ગુજકો-બકાલી મેંગો ફેસ્ટિવલ’ - લોન્ચ

ગાંધીનગર : ગાંધીનગર ખાતે ગુજકોમાસોલ દ્વારા આયોજિત “ગુજકો-બકાલી મેંગો ફેસ્ટિવલ”નું ઉદઘાટન ઈફ્કોના (IFFCO) ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય કેરી પકવતા ખેડૂતોને યોગ્ય બજાર પૂરું પાડી આર્થિક રીતે સશક્ત બનાવવાનો અને ગ્રાહકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત તેમજ શુદ્ધ કેરી ઉપલબ્ધ કરાવવાનો છે. આ પહેલ હેઠળ, ગ્રાહકો ઘરે બેઠા જ ‘બકાલી’ (Bakali) મોબાઈલ એપના માધ્યમથી ઓનલાઈન ઓર્ડર આપીને તાજી અને કાર્બાઈડ મુક્ત કેરી મેળવી શકશે. આ ઉદ્ઘાટન પ્રસંગે મધુર ડેરીના ચેરમેનશ્રી શંકરસિંહ રાણા, ગુજકોમાસોલના મુખ્ય કાર્યકારી અધિકારીશ્રી દિનેશભાઈ સુથાર, બકાલી એપના પ્રતિનિધિશ્રી જતિનભાઈ ગેડિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધો સેતુ સ્થાપી સહકારી ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જવામાં મહત્વનો સાબિત થશે.



# મોડાસાની 64 વર્ષ જૂની સહકારી બેંકની પ્રશંસનીય કામગીરી, 543 લાખનો નફો કર્યો

મોડાસા : ધી મોડાસા નાગરિક સહકારી બેંક લિ. મોડાસા 64 વર્ષથી મોડાસા નગરમાં કાર્યરત બેંકે વિકાસની વણથંભી વણઝાર સર્જી છે. સ્વ. ડો. નાથાલાલ શાહના ચેરમેન પદ ઉપર સ્થાપેલી આ નાગરિક સહકારી બેંકે 64 વર્ષમાં પ્રગતિના સોપાન સર કર્યા છે. જેમાં પૂર્વ મેનેજરશ્રી જયંતિભાઈ મહેતાનો પણ અમૂલ્ય ફાળો છે. પૂર્વ ચેરમેનો સ્વ. મગનભાઈ શાહ, ડો.અરૂણભાઈ શાહ, સ્વ.કાન્તીભાઈ શેઠ, સ્વ.પરમાનંદભાઈ દોશી, જગદીશભાઈ ગાંધી વગેરેનો પણ બેંકની પ્રગતિમાં સિંહફાળો છે.

જ્યારે ધી મોડાસા નાગરિક સહકારી બેંક, મોડાસાનું રૂા.150 કરોડથી વધુ ધિરાણ છે. શેર ભંડોળ રૂ.543.19 લાખ છે. રિઝર્વ ફંડ રૂ.4546.19 લાખ છે. ડિપોઝિટ રૂા.28,511.95 લાખ છે અને રોકાણો રૂા.16,699.01 લાખ છે. જ્યારે પ્રોફિટ (નફો) રૂા.546.88 લાખ અને ગ્રોસ રૂા.573.06 લાખ છે. વર્તમાન ચેરમેનશ્રી પ્રજ્ઞેશકુમાર ગાંધી, મેનેજિંગ ડિરેક્ટરશ્રી જયેશકુમાર ગાંધી, સીઈઓશ્રી દર્શનભાઈ મિસ્ત્રી અને મેનેજરશ્રી વિપુલભાઈ ગાંધી અવિરત સેવા આપી રહ્યાં છે.

**150 કરોડનું ધિરાણ અને ૨૮૫ કરોડની ડિપોઝિટ ધરાવે છે**

# કૃષિ નિકાસ 2.8% વધી $52.55 અબજ નોંધાઇ

નવી દિલ્હી : દેશની કૃષિ નિકાસ વર્ષ 2025-26માં 2.8% વધી $52.55 અબજ વધી છે, જે વર્ષ 2024-25માં $51.12 અબજ રહી હતી. વૈશ્વિક અનિશ્ચિતતા છતાં કૃષિ નિકાસમાં વૃદ્ધિ જોવા મળી છે. પ્રોડક્ટ કેટેગરીમાં સતત વૈવિધ્યકરણ ઉપરાંત પરંપરાગત મજબૂતી અને વધુ મૂલ્ય વાળા સેગમેન્ટની ઉત્તરોઉત્તર પ્રગતિને કારણે આ ગ્રોથ નોંધાયો છે. કોમોડિટીના અનેકવિધ સેગમેન્ટને કારણે કૃષિ તેમજ સંબંધિત સેગમેન્ટમાં ગ્રોથ શક્ય બન્યો હતો. કઠોળની નિકાસ આ સમયગાળા દરમિયાન 21.83% વધી $948.11 મિલિયન નોંધાઈ છે, જે વૈશ્વિક સ્તરે પ્રોટિનની જરૂરિયાતને પહોંચી વળવામાં ભારતના મજબૂત બની રહેલા સ્થાનને દર્શાવે છે. તાજા ફળોની નિકાસ પણ 12.89% વધી $1.32 અબજ નોંધાઈ છે.

**કાલુપુર, સુરત પીપલ્સ, રાજકોટ નાગરિક અને વરાછા બેંકો થાપણ વૃદ્ધિના તારલા તરીકે ઊભરી**

# ગુજરાતમાં સહકારી બેંકિંગ ક્ષેત્રમાં થાપણોમાં જબરદસ્ત વધારો; સુરત અગ્રેસર

અમદાવાદઃ- ગુજરાતના સહકારી બેંકિંગ ક્ષેત્રે નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન નોંધપાત્ર પ્રદર્શન નોંધાવ્યું છે, જેમાં થાપણોમાં જબરદસ્ત વધારો નોંધાયો છે. આ વૃદ્ધિ જમાકર્તાઓના વધતા વિશ્વાસ અને સુરક્ષિત રોકાણ વિકલ્પો તરફ વળેલા વલણનું પ્રતિબિંબ છે.

શેરબજારમાં થયેલા ઉતાર-ચઢાવના કારણે રોકાણકારો ફિક્સ્ડ ડિપોઝિટ જેવા સુરક્ષિત વિકલ્પો તરફ વળ્યા છે, જેના પરિણામે રાજ્યભરની સહકારી બેંકોને નોંધપાત્ર લાભ થયો છે.

આ વૃદ્ધિમાં સુરત શહેરે અગ્રેસર ભૂમિકા ભજવી છે અને રાજ્યમાં થાપણ એકત્રિત કરવાનું મુખ્ય કેન્દ્ર બનીને ઉભર્યું છે. સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંકે પોતાની થાપણ ₹6,898 કરોડથી વધારી ₹7,686 કરોડ સુધી પહોંચાડી, જ્યારે વરાછા કો-ઓપરેટિવ બેંકે 21.32% ની સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી છે. સુટેક્સ કો-ઓપરેટિવ બેંકે પણ 14.36% નો મજબૂત વધારો નોંધાવ્યો છે.

આ ત્રણેય બેંકોએ મળીને માત્ર એક વર્ષમાં અંદાજે ₹2,000 કરોડ જેટલી નવી થાપણ ઉમેરેલી છે, જે રાજ્યમાં સહકારી ક્ષેત્રે સુરતના પ્રભાવને વધુ મજબૂત બનાવે છે. આ ઉપરાંત, પ્રાઈમ કો-ઓપરેટિવ બેંકે ₹2,746 કરોડની થાપણ નોંધાવી, જ્યારે સર્વોદય સહકારી બેંકે ₹1,000 કરોડનો આંકડો પાર કર્યો અને 18.50% નો મજબૂત વધારો નોંધાવ્યો છે.

અમદાવાદની કાલુપુર કો-ઓપરેટિવ બેંકે પોતાનું અગ્રસ્થાન જાળવી રાખ્યું છે; તેની થાપણ ₹1,732 કરોડ વધીને ₹14,029 કરોડ થઈ, જે 14.09% નો સારો વધારો છે. રાજકોટ નાગરિક સહકારી બેંકે પણ ઉત્તમ પ્રદર્શન કર્યું છે, જેમાં થાપણ 10.7% વધીને ₹7,132 કરોડ સુધી પહોંચી છે. બીજી તરફ, મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંકે મધ્યમ વૃદ્ધિ નોંધાવી છે અને તેની થાપણ ₹9,394 કરોડ સુધી પહોંચી છે.




જોકે થાપણમાં નોંધપાત્ર વધારો થયો છે, ઘણા બેંકોમાં ઋણ વિસ્તરણ મર્યાદિત રહ્યું છે, જે બેંકોની સાવચેત અને ગુણવત્તા કેન્દ્રિત નીતિ દર્શાવે છે. જેમાં તેઓ આક્રમક વૃદ્ધિ કરતાં સંપત્તિની ગુણવત્તા અને લાંબા ગાળાની સ્થિરતા પર વધુ ધ્યાન આપી રહ્યા છે.

આ સમગ્ર વિકાસથી સ્પષ્ટ થાય છે કે સહકારી બેંકિંગ ક્ષેત્ર ફરીથી વિશ્વસનીય નાણાકીય માધ્યમ તરીકે ઉભરી રહ્યું છે અને સ્થાનિક અર્થતંત્રને મજબૂતી આપી રહ્યું છે. ખાસ કરીને સુરતના કાપડ અને હીરા ઉદ્યોગોના વિકાસને કારણે આ વૃદ્ધિને વધુ પ્રોત્સાહન મળ્યું છે. આ બેંકો MSME અને નાના વ્યવસાયોને મહત્વપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યા છે.

ગુજરાતનું સહકારી બેંકિંગ ક્ષેત્ર સતત પ્રગતિ કરી રહ્યું છે અને વધુ મજબૂત બની રહ્યું છે—જેમાં સુરત રાજ્યના થાપણ વૃદ્ધિમાં કેન્દ્રબિંદુ બનીને અગ્રસ્થાને છે.

# ભારત દ્વારા સ્થાનિક પેદાશો માટે યુએસમાં પસંદગીના બજારમાં પ્રવેશની માગ : શ્રી પિયુષ ગોયલ

નવી દિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા પર વાટાઘાટો કરવા માટે હાલ ભારતનું પ્રતનિધિમંડળ વોશિંગ્ટન પહોંચ્યું છે. જ્યાં તે સ્થાનિક માલ માટે અમેરિકામાં પસંદગીના બજારમાં પ્રવેશ સંબંધિત પાસાઓ પર ચર્ચા કરશે, તેવું વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીશ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું.

શ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, અમે મુક્ત વેપાર કરારને લગભગ અંતિમ સ્વરૂપ આપી દીધું છે. અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર કરારનો પ્રથમ તબક્કા



પર ચર્ચા મોટાભાગે સમાપ્ત થઈ ચૂકી છે. અમે એવી પદ્ધતિ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે કે, જેના દ્વારા ભારત જ. અમારા હરીફોની તુલનામાં અમેરિકામાં પસંદગીના બજારમાં પ્રવેશ મેળવી શકે. જેના પર ચર્ચા કરશે.

ભારતના લગભગ ૧૨ જેટલા અધિકારીઓ યુએસ સત્તાધીશો સાથે મુક્ત વેપાર કરાર પર ચર્ચા કરવા ત્રણ દિવસીય

અનુસંધાન પાના નંબર : 2

# સહકારી બેંકો સહકારી સામાજિક જવાબદારી (CSR)નો દરજ્જો માંગે છે : કેન્દ્રિય સહકાર રાજ્ય મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી

મુંબઈ : સહકારી ક્ષેત્રના સામાજિક પ્રભાવને મજબૂત બનાવવાના એક મહત્વપૂર્ણ પ્રયાસમાં, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંકના વહીવટી બોર્ડના અધ્યક્ષશ્રી વિદ્યાધર નારકરે કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રીશ્રી મુરલીધર મોહોલને પત્ર લખીને સરકારને સહકારી સામાજિક જવાબદારી (CSR) માટે એક સત્તાવાર માળખું રજૂ કરવા વિનંતી કરી છે.

પત્રમાં, અનાસ્કરે ગ્રામીણ અને અર્ધ-શહેરી અર્થતંત્રોને ટેકો આપવામાં સહકારી સંસ્થાઓ અને સહકારી બેંકોના લાંબા સમયથી ચાલતા યોગદાન પર પ્રકાશ પાડ્યો છે. તેમણે ભાર મૂક્યો કે આ સંસ્થાઓએ ખેડૂતો, નાના ઉદ્યોગસાહસિકો, સ્વ-સહાય જૂથો અને આર્થિક રીતે નબળા વર્ગોને નાણાકીય સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા



ભજવી છે.

મોટી કંપનીઓ દ્વારા અનુસરવામાં આવતી કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) સાથે તુલના કરતાં, અનાસ્કરે નિર્દેશ કર્યો કે, જ્યારે કોર્પોરેટ્સને તેમના નફાનો એક ભાગ સામાજિક વિકાસ માટે ખર્ચવો ફરજિયાત છે, ત્યારે સહકારી સંસ્થાઓ આવું કોઈ માળખું ગોઠવાયેલું નથી. તેમણે રજૂઆત કરી છે કે, સહકારી સંસ્થાઓ માટે પણ આવું CSR માળખું અમલમાં મૂકવામાં આવે

અનુસંધાન પાના નંબર : 2

# દૂધસાગર ડેરીનું ટર્નઓવર ₹9,020 કરોડને પાર, દૈનિક દૂધ સંપાદન 36 લાખ લિટરથી વધુ

મહેસાણા: મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ. જેને 'દૂધસાગર ડેરી' તરીકે ઓળખવામાં આવે છે, એ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન આશરે ₹9,020 કરોડનું ટર્નઓવર હાંસલ કરીને સહકારી ડેરી ક્ષેત્રમાં પ્રભાવશાળી સિદ્ધિ નોંધાવી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન હેઠળ ડેરી ક્ષેત્ર સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. વર્ષ 1960માં માત્ર 11 ગામોમાંથી દૈનિક 3,300 લિટર દૂધ સંગ્રહથી શરૂ થયેલી આ સંસ્થા આજે પ્રતિદિન સરેરાશ 36.34 લાખ લિટર દૂધ સંપાદન સુધી પહોંચી છે. આ વિકાસ ગુજરાત સહિત અન્ય રાજ્યોના 10 લાખથી વધુ ખેડૂત સભ્યોના મજબૂત નેટવર્કને આભારી છે.

દૂધસાગર ડેરીએ 1,100થી વધુ ગામોમાં પોતાની કામગીરી વિસ્તારીને ગ્રામીણ પરિવારોની આર્થિક સ્થિતિ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. Amul અને Sagar જેવી જાણીતી બ્રાન્ડ્સ હેઠળ દૂધ, દહીં, ઘી, માખણ અને આઈસ્ક્રીમ જેવા ગુણવત્તાસભર ઉત્પાદનો દ્વારા ગ્રાહકોમાં વિશ્વાસ સ્થાપિત કર્યો છે.

ડેરી સાયન્સ કોલેજ, પશુદાણ પ્લાન્ટ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા દૂધસાગર ડેરી ખેડૂતોના સશક્તીકરણ અને ગ્રામીણ વિકાસ માટે એક આદર્શ મોડેલ તરીકે ઉભરી આવી છે.



# ઈફ્કો (IFFCO) ને ડિજિટલ ઈનોવેશન માટે DIGIXX સમિટ 2026માં બે ગોલ્ડ એવોર્ડ

નવી દિલ્હી: સહકારી ક્ષેત્ર માટે ગૌરવની બાબતરૂપે Indian Farmers Fertiliser Cooperative Limited (IFFCO) એ 'Adgully DIGIXX સમિટ અને એવોર્ડ્સ 2026'માં બે ગોલ્ડ એવોર્ડ જીતીને મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સન્માન કૃષિ ક્ષેત્રમાં ડિજિટલ ઈનોવેશનના સફળ ઉપયોગ માટે ઈફ્કોની વધતી ભૂમિકાને ઉજાગર કરે છે.

ઈફ્કોએ પોતાના ડિજિટલ પ્લેટફોર્મ અને નવીન સેવાઓ દ્વારા કાર્યક્ષમતા વધારવા, પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને ખેડૂતો સુધી ઝડપી તથા સરળ પહોંચ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ પહેલોએ કૃષિ પ્રણાલીને આધુનિક બનાવવા અને ટેક્નોલોજી




આધારિત વિકાસને પ્રોત્સાહન આપ્યું છે.

સંબંધિત અધિકારીઓના જણાવ્યા મુજબ, આ માન્યતા "સહકારથી સમૃદ્ધિ"ના વ્યાપક વિઝનને પ્રતિબિંબિત કરે છે, જેમાં સહકારી સંસ્થાઓ આત્મનિર્ભર ગ્રામીણ અર્થતંત્રના નિર્માણમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે.

ઈફ્કોની આ સિદ્ધિ દેશભરના સહકારી ક્ષેત્ર માટે પ્રેરણારૂપ બની છે અને ડિજિટલ સશક્તીકરણ તરફ એક મજબૂત પગલું માનવામાં આવે છે. આ પ્રકારના ટેક્નોલોજી આધારિત પ્રયાસો કૃષિ ક્ષેત્રમાં પરિવર્તન લાવવા તેમજ ખેડૂતોને વધુ સશક્ત બનાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

# ભારત ટેક્સી ચંદીગઢમાં 7,000+ વાહનો સાથે પ્રવેશી રહી છે

ચંદીગઢ : સહકારી રાઈડ-હેઈલિંગ પ્લેટફોર્મ ભારત ટેક્સીએ ચંદીગઢ સુધી પોતાનો વ્યાપ વિસ્તાર્યો છે, 7,000 થી વધુ વાહનો સાથે કામગીરી શરૂ કરી છે. જેમાં 5,000 કેબ, 1,500 ઓટો અને 500 બાઈક ટેક્સીનો સમાવેશ થાય છે, જે મુસાફરોને સસ્તા અને વિવિધ વિકલ્પો પ્રદાન કરે છે. આ પગલું ભારત ટેક્સીની દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં ભારત ટેક્સીના વધતા મહત્વને વધુ મજબૂત બનાવે છે. જ્યાં તેણે "સારથી" તરીકે ઓળખાતા ડ્રાઈવરો અને ગ્રાહકોના નેટવર્કમાં સતત વધારો કર્યો છે. સહકારી મોડેલ પર કાર્યરત, પ્લેટફોર્મ, વાજબી કમાણી, સંયુક્ત માલિકી અને પારદર્શક ભાડા પર ભાર મૂકે છે. 5 લાખથી વધુ નોંધાયેલા સારથીઓ અને દેશભરમાં 29 લાખ ગ્રાહકો સાથે, ભારત




ટેક્સી ભારતના શહેરી પરિવહન ક્ષેત્રમાં લોકો-કેન્દ્રિત વિકલ્પ તરીકે પોતાનું સ્થાન મજબૂત બનાવી રહી છે.

શ્રી વિવેક પાંડેએ જણાવ્યું હતું કે, ચંદીગઢ અમારા માટે એક મુખ્ય બજાર છે. અમારો હેતું વિશ્વસનીય સેવા પ્રદાન કરવાનો છે, સાથે સાથે એ પણ સુનિશ્ચિત કરવું કે, સારથીઓને પ્લેટફોર્મના વિકાસનો લાભ મળે. NCDC, IFFCO અને NABARD જેવી મુખ્ય સહકારી સંસ્થાઓના સહયોગથી ભારત ટેક્સી "સહકાર સે સમૃદ્ધિ" ના વિઝનને આગળ ધપાવી રહી છે.

# વૈજ્ઞાનિક પ્રગતિ, પર્યાવરણ સંરક્ષણ, યુવા શક્તિ, સાંસ્કૃતિક વારસો અને ટેક્નોલોજી આધારિત વિકાસ પર ભાર આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત'ના 133મા એપિસોડમાં દેશવાસીઓને સંબોધતા તેમણે વૈજ્ઞાનિક પ્રગતિ, પર્યાવરણ સંરક્ષણ, યુવા શક્તિ, સાંસ્કૃતિક વારસો અને ટેક્નોલોજી આધારિત વિકાસ જેવા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. વડાપ્રધાનશ્રી એ જણાવ્યું કે તમિળનાડુના Kalpakkam ખાતે સ્થિત ફાસ્ટ બ્રીડર રિએક્ટરે 'ક્રિટિકાલિટી' પ્રાપ્ત કરી છે, જે ભારતની પરમાણુ ઊર્જા યાત્રામાં ઐતિહાસિક સિદ્ધિ છે. આ રિએક્ટર સંપૂર્ણપણે સ્વદેશી ટેક્નોલોજીથી નિર્મિત છે અને ભવિષ્ય માટે ઈંધણ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે.

પવન ઊર્જા ક્ષેત્રમાં ભારતે નોંધપાત્ર પ્રગતિ કરી છે અને દેશની ક્ષમતા 56 ગિગાવોટથી વધુ થઈ ગઈ છે. ભારત હવે વિશ્વમાં ચોથા સ્થાન પર છે. ગુજરાત, તમિળનાડુ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં વિશાળ રિન્યૂએબલ એનર્જી પાર્કોના વિકાસથી હરિત ઊર્જાને પ્રોત્સાહન મળી રહ્યું છે.

આગામી બુધ્ધ પુર્ણિમા નિમિત્તે વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી અને ગૌતમ બુધ્ધના શાંતિ, કરુણા અને સંતુલનના સંદેશને આજના સમયમાં અત્યંત પ્રાસંગિક ગણાવ્યો હતો.

પર્યાવરણ અને વન્યજીવન સંરક્ષણ અંગે તેમણે કચ્છના ફ્લેમિંગો, ઉત્તર પ્રદેશની 'ગજ મિત્ર' પહેલ તેમજ છત્તીસગઢમાં બ્લેકબક અને ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના સંરક્ષણ માટેના પ્રયાસોને બિરદાવ્યા. તેમણે પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વના મહત્વ પર ભાર મૂક્યો હતો.




ઉત્તર-પૂર્વ ભારતમાં વાંસ ઉદ્યોગમાં થયેલી વૃદ્ધિનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે 2017માં વાંસને ઝાડની શ્રેણીમાંથી બહાર કાઢવાના નિર્ણયથી રોજગાર, ઉદ્યોગ અને મહિલા સશક્તીકરણને પ્રોત્સાહન મળ્યું છે.

વડાપ્રધાનશ્રીએ આવનારી Census of India 2027 સંપૂર્ણપણે ડિજિટલ હશે તેવી માહિતી આપી. નાગરિકો સ્વયં પોતાની માહિતી નોંધાવી શકશે, જેના કારણે પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે. શિક્ષણ ક્ષેત્રે, ફ્રાન્સના બોર્ડોમાં યોજાયેલા યુરોપિયન ગર્લ્સ મેથેમેટિકલ ઓલિમ્પિયાડમાં ભારતીય વિદ્યાર્થીનીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. ડિજિટલ હેરિટેજ તરફ મહત્વપૂર્ણ પગલું રૂપે National Archives of India દ્વારા 20 કરોડથી વધુ ઐતિહાસિક દસ્તાવેજોને ડિજિટાઈઝ કરીને જાહેર કરવામાં આવ્યા છે, જેનાથી નાગરિકોને પોતાના ઈતિહાસ સાથે જોડાવા સરળતા મળશે.

'લોકલ ટુ ગ્લોબલ' અભિયાન હેઠળ વડાપ્રધાનશ્રીએ ભારતીય ચીઝ જેમ કે કાલારી, છુરપી અને સુરતી ચીઝની વૈશ્વિક સ્તરે વધતી લોકપ્રિયતાનો ઉલ્લેખ કર્યો. સાંસ્કૃતિક ક્ષેત્રે તેમણે રવિન્દ્રનાથ ટાગોરને શ્રદ્ધાંજલિ આપી અને 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદોને નમન કર્યું. સાથે જ વિદ્યાર્થીઓને રજાઓ દરમિયાન નવી કુશળતાઓ શીખવા પ્રેરણા આપી નાગરિકોને સ્વચ્છ ઊર્જા અપનાવવા, આવનારી જનગણનામાં સક્રિય ભાગ લેવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી.

# NFCSF દ્વારા સહકારી ખાંડ ક્ષેત્રમાં ઐતિહાસિક અપગ્રેડ શક્ય બન્યું

નવી દિલ્હી:- ભારતના સહકારી ખાંડ ઉદ્યોગ માટે ગૌરવની બાબતરૂપે બટાલા સહકારી શુગર મિલ્સ ખાતે અદ્યતન ટેક્નોલોજીઆધારિત નવા પ્લાન્ટની સફળ શરૂઆત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ નેશનલ ફેડરેશન ઑફ કો-ઓપરેટિવ શુગર ફેક્ટરીઝ લિમિટેડ (NFCSF)ની પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી (PMC) હેઠળ વિકસાવવામાં આવ્યો છે.

વર્ષ 2021માં પ્રારંભ થયેલો અને 2024માં કાર્યરત બનેલો આ ₹296 કરોડનો પ્રોજેક્ટ સહકારી માળખામાં આધુનિક ઔદ્યોગિક વિકાસનું પ્રતિબિંબ છે. આ પ્રોજેક્ટ દ્વારા સહકારી ક્ષેત્રમાં નવી પેઢીની ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષમતાનું સફળ અમલીકરણ કરવામાં આવ્યું છે.

આ પ્લાન્ટની ક્ષમતા 3,500 TCD છે, જેને ભવિષ્યમાં વધારીને 5,000 TCD સુધી લઈ જવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત, 14 મેગાવોટ ક્ષમતાવાળી ઉચ્ચ કાર્યક્ષમ કોજેનેરેશન સુવિધા પ્લાન્ટને ઊર્જા ક્ષેત્રે પણ આત્મનિર્ભર બનાવે છે.

પ્રોજેક્ટની સૌથી વિશેષ બાબત તેનો મૂલ્યવર્ધિત ઉત્પાદન પરનો ભાર છે.



આ સુવિધા દરરોજ આશરે 250 ટન રિફાઈન્ડ ખાંડ તથા 125 ટન ફાર્મા-ગ્રેડ ખાંડનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. આ સાથે, બટાલા સહકારી શુગર મિલ્સ ભારતની પહેલી એવી સહકારી ખાંડ મિલ બની છે, જેણે ઉચ્ચ મૂલ્યવાળા ફાર્માસ્યુટિકલ ખાંડ ક્ષેત્રમાં સફળ પ્રવેશ કર્યો છે.

આ પ્રોજેક્ટ સહકારી ક્ષેત્રમાં ટેક્નોલોજી, મૂલ્યવર્ધન અને આત્મનિર્ભરતા તરફના મહત્વપૂર્ણ પગલાંને પ્રતિબિંબિત કરે છે અને ભવિષ્યમાં અન્ય સહકારી સંસ્થાઓ માટે પ્રેરણારૂપ બનશે.

# ગત નાણાં વર્ષમાં બેન્કિંગ ક્ષેત્રે ધિરાણમાં ૧૬ ટકાથી વધુ વૃદ્ધિ

મુંબઈ : નાણાં વર્ષ 2024-25માં મંદ રહ્યા બાદ સમાપ્ત થયેલા નાણાં વર્ષ 2025-26માં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણમાં વાર્ષિક ધોરણે 16.08 ટકા વૃદ્ધિ જોવા મળી હતી. ગત નાણાં વર્ષમાં ધિરાણની સરખામણીએ થાપણ વૃદ્ધિ મંદ રહી વાર્ષિક ધોરણે 13.47 ટકા જોવા મળી હતી, એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ના ડેટા જણાવે છે.

31મી માર્ચના અંતે કુલ ધિરાણ આંક રૂપિયા 213.61 ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણ આંક રૂપિયા 262.30 ટ્રિલિયન જોવા મળ્યો હતો. સમાપ્ત થયેલા નાણાં વર્ષના અંતે થાપણથી ધિરાણનું પ્રમાણ 81.43 ટકા રહેવા પામ્યું હતું.

તાજેતરના સમયમાં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણ ઉપાડમાં ગતિ જોવા મળી છે. ઉદ્યોગમાં એમએસએમઈ દ્વારા ધિરાણ માગ વધી છે, જ્યારે રિટેલમાં પણ ખાસ કરીને ગોલ્ડ લોનમાં વધારો થયો છે.

આરબીઆઈ દ્વારા રેપો રેટના સતત નીચા સ્તરના કારણે ઉદ્યોગો બોન્ડ અથવા અન્ય સાધનો મારફત નાણાં ઊભા કરવાને બદલે બેન્કો પાસેથી નાણાં મેળવવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

બેન્કિંગ ક્ષેત્રમાં લિક્વિડિટીની ખેંચને કારણે બોન્ડ બજારમાંથી નાણાં ઊભા કરવાનું ઉદ્યોગો માટે ખર્ચાળ સાબિત થાય છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે મોટાભાગની બેન્કોમાં તેમના એમએસએમઈ તથા કોર્પોરેટ પોર્ટફોલિઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ધિરાણ વૃદ્ધિને ટકાવી રાખવા માટે બેન્કોએ થાપણ સ્તરમાં વધારો કરવામાં આક્રમકતા અપનાવવી પડશે એમ એક રેટિંગ એજન્સીના ફાઈનાન્સિઅલ ક્ષેત્રનું રેટિંગ આપતા એનાલિસ્ટે જણાવ્યું હતું.

# ડિજિટલ પેમેન્ટ માટે RBI નો મોટો નિર્ણય : રૂપિયા 15,000 થી વધુના વ્યવહાર પર લાગુ થશે નવો નિયમ

નવી દિલ્હી : જો તમે પણ ઓનલાઈન કે ડિજિટલ પેમેન્ટ કરતા હોવ, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ અગત્યના છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ૨૧ એપ્રિલના રોજ ડિજિટલ પેમેન્ટ અને ઈ-મેન્ડેટ ( E - M a n - date) ને લઈને નવી ગાઈડલાઈન જાહેર કરી છે, આ નવા નિયમ મુજબ, હવે રૂ.15,000 કે તેથી વધુના ઓટોમેટિક કે રિકરિંગ પેમેન્ટ માટે એક વધારાનું ઓથેન્ટિકેશન (AFA એક પ્રકારનું વેરિફિકેશન) કરવું ફરજિયાત બની ગયું છે. આ નિયમ ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને UPI દ્વારા થતા તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પેમેન્ટ પર તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યો છે.

RBIની આ નવી ગાઈડલાઈન મુજબ, જો તમારું કોઈ પેમેન્ટ રૂ.15,000 થી વધુ છે અને તે દર મહિને કે નક્કી કરેલા સમયે આપોઆપ કપાતું હોય (જેમ કે કોઈ સબસ્ક્રિપ્શન), તો તેના માટે તમારે એડિશનલ ઓથેન્ટિકેશન (AFA) એટલે કે OTP કે પિન નાખીને મંજૂરી આપવી પડશે.

આ ઉપરાંત, વીમાનું પ્રિમિયમ, મ્યુચ્યુઅલ ફંડના હપ્તા અને રૂ. 1 લાખથી વધુના ક્રેડિટ કાર્ડના બિલની ચુકવણી માટે પણ આ વધારાનું વેરિફિકેશન લેવલ જરૂરી બનશે. RBI એ સ્પષ્ટ કર્યું છે કે ઈ-મેન્ડેટની સુવિધા શરૂ કરવા માટે ગ્રાહકોએ એકવાર રજિસ્ટ્રેશન કરાવવું પડશે. બેંકની સામાન્ય પ્રોસેસ પૂરી થયા પછી, AFA (વધારાના પ્રમાણીકરણ પરિબળ) ની ચકાસણી સફળ થાય ત્યારબાદ જ તમારો ઈ- મેન્ડેટ એક્ટિવ થશે. ખાસ વાત એ છે કે આ મેન્ડેટ હેઠળ થતું પહેલું પેમેન્ટ પણ AFA દ્વારા જ વેરિફાય થવું જોઈએ.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-05-2026